વિષય :- મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી. જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ-૬૫ હેઠળ પરવાનગી.

NOTARY B. SHILPA ZAVERI AREA: VADODARA City & Dist. (Guj. State) Reg. No.: 5786 / 2008 Valid upto 28/4/2018 GOVT. OF INDIA

એનએ./એસ.આર./ ૮૭૮ /૨૦૧૩-૧૪
નં.જમીન-ડી/કલમ-૬૫/વશી/૨૦૧૭-૨૦૨૫/૧૪
બીનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા.
તારીખ : ૦૪/ ૦૪ / ૨૦૧૪

વંચાણમાં લીધા :-

(૧) અરજદારશ્રી ઉમેદભાઈ ખોડાભાઈ પટેલ વિગેરે રહે.૧૦, જય સંતોષીમાં સોસાયટી, રીફાઈનરી રોડ, ગોરવા, વડોદરાની મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી.જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી માંગતી તા.૦૩/૦૬/૧૩ ની અરજી તથા તા.૦૧/૧૦/૧૩ તથા તા.૨૭/૧૨/૧૩ ની પુન : વિચારણા અરજી

(૨) મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) ના પત્ર નં.જમીન/વશી/૮૭૭/૨૦૧૩ તા.૨૬/૦૬/૧૩ થી રજુ થયેલ દરખાસ્ત/ અભિપ્રાય

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાના **પત્ર નંબર ટેનન્સી/અપીલ/વશી/૪૩૨૭/૧૩, તા.૨૪/૧૦/૧૩** થી રજુ થયેલ અભિપ્રાય.

(૪) નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના પત્ર **નં.યુડીએ/ પ્લાન-૩/૪૨૭/૨૦૧૩ તા.૨૦/૦૬/૨૦૧૩**

(૫) સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, વડોદરાના પત્ર નંબર જા.નં.ન.યો.ન. વિ.નં.૧૦/ પીબી. ૧/૨૬/૪૧૮૨/ સને-૨૦૧૩, તા.૩૧/૦૭/૨૦૧૩

(૬) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર (જ.સુ.) વડોદરાના પત્ર નં.યુ.એલ.સી./વશી/૭૪૫/૨૦૧૩ તા.૦૧/૧૧/૧૩ થી આવેલ અભિપ્રાય.

(૭) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એકમ-૧, વડોદરાના પત્ર નં.જસં/વળતર/વશી/૪૮૫/૧૩ તા.૦૬/૦૬/૧૨(૨) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી નર્મદા એકમ-૧, વડોદરાના પત્ર નં.જશ/નં.યો. વડોદરા-૧/વશી/એસઆર/૧૨૧૫/૧૨ તા.૦૬/૧૦/૧૨ (૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા, એકમ-૨, વડોદરાના પત્ર નં.જસં-૨/ નયો/વડો-૨/ વશી/૩૩૭૪/ ૨૦૧૨ તા.૦૧/૧૦/૧૨ તેમજ (૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,નર્મદા, એકમ-૩, વડોદરાના પત્ર નં.જશ ન.યો. વડોદરા-૩/વશી/અભિ/ એસ.આર/૧૨૦૪/ ૨૦૧૨ તા.૦૬/૧૦/૧૨ થી રજુ થયેલ અભિપ્રાયો.

કલેકટર વડોદરા

(૮) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

હુકમ :-

મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી. જમીન ૭/૧૨ ના રેકર્ડમાં કબજેદાર તરીકે (૧) શ્રી પટેલ ઉમેદભાઈ ખોડાભાઈ (૨) શ્રી પટેલ ભગવાનભાઈ ખોડાભાઈ (૩) શ્રી પટેલ મંજુલાબેન ખોડાભાઈ (૪) શ્રી પટેલ મગનભાઈ ખોડાભાઈ (૫) શ્રી પટેલ મહેન્દ્રભાઈ ખોડભાઈ (૬) શ્રી પટેલ કૈલાશબેન રતીલાલ (૭) શ્રી પટેલ ધીરેન રતીલાલ (૮) શ્રી પટેલ શારદાબેન ખોડાભાઈનાં સંયુકત નામે ચાલે છે. જે ૬૮૪૦ ચો.મી.જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા આમુખ-૧ માં દર્શાવેલ અરજીથી બીનખેતી પરવાનગી માંગેલ છે. **આમુખ નં.૪** માં દર્શાવેલ પત્રથી વડોદરા શહેરી વિકાસ મંડળ, વડોદરાએ સવાલવાળી જમીન હાલ અમલી દિ.પુ.વિ.યોજના મુજબ પ્રતિબંધિત રહેણાંક ઝોનમાં આવે છે. તથા સુચિત ગૌખાના ડીસ્ટ્રીબ્યુટરી કેનાલની અસર થાય છે. આમ વુડાના અમલી જી.ડી.સી.આર. અન્વયે પ્રતિબંધિત રહેણાંક ઝોનમાં રહેણાંકનો હેતુ મળવાપાત્ર હોઈ તે હેતુ માટે બીનખેતી પરવાનગી આપવામાં આવે તો ઝોનની દૃષ્ટિએ વાંધા સરખું નથી, તેમ અભિપ્રાય આપેલ છે. તેમજ તા.૨/૩/૧૩ ના પત્ર

SUN DEVELOPERS
PARTNER

નં.યુડીએ/પ્લાન–૩/૨૭/૨૦૧૩ થી જણાવ્યાનુસાર રહેણાંક હેતુના બાંધકામ માટે વિકાસ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે.

સદર કામે મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રીએ, નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફારો નોંધની ટુકી વિગતો દર્શાવતુ પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે. તથા સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ સવાલવાળી જમીનમાં રહેણાંક હેતુની બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે **આમુખ–૨** માં દર્શાવેલ પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

આમુખ–૩ માં દર્શાવેલ પત્રથી નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાએ સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે ગણોત કાયદા અન્વયે હરકત સરખું ન હોવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમુખ –૫ માં દર્શાવેલ કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.ન.વિ.નં.૧૦ ના પત્રમાં જણાવેલ શરતો મુજબ નહેર માટે સંપાદીત કરેલ જમીનની હદથી બહાર બંન્ને બાજુએ ૧૦ (દસ) મીટર પહોળાઈમાં કોઈ પણ પ્રકારનું સ્થાયી બાંધકામ કરી શકાશે નહી તથા પાળાનો કે નહેરનાં પાણીનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ નહેરના બાંધકામને નુકશાન થાય તેવી પ્રવૃતિ કરી શકાશે નહી. ઉપરાંત અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે પરવાનગી આપવામાં આવેલ છે.

આમુખ ૬ માં દર્શાવેલ સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર (જ.સુ.) શ.જ.ટો.મ.ની કચેરી વડોદરાના પત્ર મુજબ રીપીલ એકટની જોગવાઈ નજરે સવાલવાળી જમીન અંગે રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો હરકત સરખું ન હોવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સંપાદન અધિકારીશ્રીઓના આમુખ–૭ ના પત્રોથી મળેલ અહેવાલો મુજબ સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી. જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

ક્રમ	નોંધ નંબર	તારીખ	નોંધની ટુંકી વિગત
			સ.નં.૨૨૫
૧	૧/૫૬		લાગુ પડતી નથી
૨	૧/૫૯		વેચાણની નોધ
૩	૧/૬૦		વહેંચણીનીનોધ
૪	૪૫૭	૧૦/૦૯/૫૫	પરચુરણ દુમાલાની નોધ
૫	૪૮૪	૦૩/૧૧/૫૫	ટુકડો દાખલની નોધ
૬	૧૨૪૭	૦૮/૦૧/૬૫	તારણ અંગેની નોધ
૭	૧૫૦૦	૦૭/૦૬/૭૩	તારણ અંગેની નોધ
૮	૧૫૫૫	૧૧/૧૦/૭૪	તારણ અંગેની નોધ
૯	૧૮૧૫/૪૫	૦૫/૧૦/૭૯	યુ.એલ.સી.ની નોધ
૧૦	૨૯૦૩	૩૦/૦૩/૯૩	વારસાઈની નોધ
			સ.નં.૨૨૬
૧	૧/૫૮		વહેંચણની નોધ
૨	૧/૫૯		લાગુ પડતી નથી
૩	૪૫૭	૧૦/૦૯/૫૫	પરચુરણ દુમાલાની નોધ

NOTARY B. SHILPA ZAVERI AREA: VADODARA City & Dist. (Guj. State) GOVT. OF INDIA

SUN DEVELOPERS PARTNER

૪	૪૮૪	૦૩/૧૧/૫૫	ટુકડા દાખલની નોધ
૫	૧૨૪૭	૦૮/૦૧/૬૫	તારણ અંગેની નોંધ
૬	૧૫૦૦	૦૭/૦૬/૭૩	તારણ અંગેની નોંધ
૭	૧૫૫૫	૧૧/૧૦/૭૪	તારણ અંગેની નોંધ
૮	૧૮૧૫/૪૫	૦૫/૧૦/૭૯	યુ.એલ.સી.ની નોધ
૯	૨૯૦૩	૩૦/૦૩/૯૩	વારસાઈની નોધ
		સ.નં.૨૧૦	
૧	૨૮૮૬		એકત્રીકરણની નોધ
૨	૩૧૪૫	૧૧/૦૯/૯૫	દુરસ્તીની નોધ
૩	૩૨૫૧	૧૮/૦૯/૯૬	સંપાદનની નોધ
૪	૩૨૯૭	૧૨/૦૨/૯૭	હુ.પ.નં.૮ આધારેની નોધ
૫	૩૨૯૮	૧૮/૦૨/૯૭	વેચાણની નોધ
૬	૪૬૭૦	૨૧/૦૭/૦૮	હુકમની નોધ
૭	૪૭૧૪	૧૮/૦૮/૦૮	હુકમની નોધ
૮	૫૩૬૬	૨૫/૦૭/૧૧	વારસાઈની નોધ
૯	૫૪૩૬	૦૧/૦૨/૧૨	વારસાઈની નોધ
૧૦	૫૪૩૭	૦૧/૦૨/૧૨	હુકમની નોધ
૧૧	૫૫૨૪	૧૩/૦૭/૧૨	હક કમીની નોંધ
૧૨	૫૫૩૧	૨૫/૦૭/૧૨	બોજા મુકતીની નોધ
૧૩	૫૫૪૫	૧૬/૦૮/૧૨	બોજા મુકતીની નોધ
૧૪	૫૬૦૫	૨૭/૧૨/૧૨	હક કમીની નોધ
૧૫	૫૬૬૦	૨૬/૦૩/૧૩	વેચાણની નોધ જે "રદ" થયેલ છે.

જો સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો, જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારશ્રીએ સંમતિ જવાબ આપેલ છે. આર્કીટેકનું પ્રમાણપત્ર તથા સુચિત લે–આઉટ પ્લાન રજુ કરેલ છે. આર્કીટેકના તા.૩૦/૦૧/૧૪ ના પ્રમાણપત્ર મુજબ સુચિત લે–આઉટ પ્લાનમાં નીચે મુજબ પ્લાનીગ દર્શાવેલ છે.

જમીનની વિગત	ક્ષેત્રફળ (ચો.મી.માં)
કોમન પ્લોટ એરીયા	૬૨૨.૦૦
રસ્તા રેખામાં જતી જમીનનું ક્ષેત્રફળ	૭૯૯.૦૦
બ્લોક નં.૧ થી ૪ ત્થા બ્લોક નં.૧ થી ૩૬ મકાનો ના સબ પ્લોટનું કુલ ક્ષેત્રફળ	૪૪૨૭.૭૫
આંતરીક રસ્તાનું ક્ષેત્રફળ	૯૯૧.૨૫
કુલ ક્ષેત્રફળ	૬૮૪૦

NOTARY SHILPA B. ZAVERI AREA: VADODARA City & Dist. (Guj. State) Reg. No.: 5788/2008 Valid upto 28/4/2018 GOVT. OF INDIA

કલેકટર વડોદરા

SUN DEVELOPERS
PARTNER

ઉપરોક્ત હકીકત તથા રજુ થયેલ આધાર–પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૮) માં દર્શાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૨) થી (૭) ના અભિપ્રાયો ધ્યાને લઈ, સવાલવાળી જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારશ્રીને સદરહું જમીનના રૂપાંતર કરની રકમ, બીનખેતી માપણી ફી તથા અન્ય ઉપકરો સરકારશ્રીમાં જમા કરાવવા અત્રેના તા.૨૭/૦૧/૧૪ ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતરકરની રકમ રૂા.૧૩,૬૮૦/– (અંકે રૂપિયા તેર હજાર છસો એસી પુરા) તા.૨૯ /૦૧/૨૦૧૪ ના રોજ જમા કરાવી અસલ ચલન, બીનખેતી માપણી ફી રૂા.૧૩,૫૦૦/– (અંકે રૂપિયા તેર હજાર પાંચસો પુરા) તા.૩૦/૦૧/૨૦૧૪ ના રોજ જમા કરાવી, અસલ ચલન તેમજ બે વર્ષનો એડવાન્સ વિ.ધારો + લોકલ ફંડ રૂા.૨૦,૫૨૦/– (અંકે રૂપિયા વીસ હજાર પાંચસો વીસ પુરા) શિ.ઉપકર રૂા.૧,૨૮૫/– (અંકે રૂપિયા એક હજાર બસો પચયા પુરા) તથા તાલુકા પંચાયત (શિક્ષણ ઉપકર) રૂા.૫,૧૩૦/– (અંકે રૂપિયા પાંચ હજાર એકસો ત્રીસ પુરા) તા.૩૦/૦૧/૧૪ ના રોજ તલાટીશ્રી, સેવાસી દ્વારા સરકારશ્રીમાં વસુલ લેવાયેલ છે, તેની અસલ પહોંચો રજુ કરેલ છે.

મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી.જમીનને મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ અન્વયે રહેણાંક હેતુ માટેનો બીનખેતીનો ઉપયોગ કરવા, નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

SUN DEVELOPERS
PARTNER

NOTARY SHILPA B. ZAVERI AREA: VADODARA City & Dist. (Guj. State) Reg. No.: 5798 / 2008 Valid upto 28/4/2018 GOVT. OF INDIA

કલેકટર વડોદરા

(૧૪) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને વસુલ ભરેલો વિ.ધારો વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુઘ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુઘ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે બાંધકામ દુર કરાવવામાં આવશે અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે. કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂઘ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂઘ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૭ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૪) જમીન ધારકશ્રીએ **સક્ષમ સત્તાધિકારીશ્રી** તરફથી મંજુર થયેલ સુચિત નકશા અને રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે. મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૬) આ જમીનનો વિશેષધારો રહેણાંકના કામે ૬૮૪૦ ચો.મી.નો દર ચો.મી.નાં ૦–૨૫ પૈસા પ્રમાણે રૂા.૧,૭૧૦/– થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા લોકલ ફંડ રૂા.૮૫૫/– અથવા પ્રવર્તમાન દરે તથા શિક્ષણ ઉપકર રૂા.૪૨૮/– વિશેષધારા ઉપરાંત ભરવાનો રહેશે. તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૭) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કોમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

NOTARY B. SHILPA ZAVERI AREA: VADODARA City & Dist. (Guj. State) GOVT. OF INDIA

SUN DEVELOPERS
PARTNER

(૨૮) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ

મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર
વડોદરા

સહી/-
(વિનોદ રાવ)
કલેકટર વડોદરા

પ્રતિ,
(૧) શ્રી પટેલ ઉમેદભાઈ ખોડાભાઈ
(૨) શ્રી પટેલ ભગવાનભાઈ ખોડાભાઈ
(૩) શ્રી પટેલ મંજુલાબેન ખોડાભાઈ
(૪) શ્રી પટેલ મગનભાઈ ખોડાભાઈ
(૫) શ્રી પટેલ મહેન્દ્રભાઈ ખોડભાઈ
(૬) શ્રી પટેલ કૈલાશબેન રતીલાલ
(૭) શ્રી પટેલ ધીરેન રતીલાલ
(૮) શ્રી પટેલ શારદાબેન ખોડાભાઈ
૧૦, જય સંતોષીમાં સોસાયટી,
રીફાનરી રોડ, ગોરવા,
વડોદરા.

NOTARY
SHILPA
B. ZAVERI
AREA : VADODARA
City & Dist. (Guj. State)
Reg. No.: 5788 / 2008
Valid upto
26/4/2018
GOVT. OF INDIA

નકલ રવાના :-

૧. મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ જાણ સારૂ.
૩. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, "વુડા સર્કલ", કારેલીબાગ, વડોદરા તરફ જાણ સારૂ.
૪. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...
૫. તલાટી કમ મંત્રીશ્રી,સેવાસી તા.વડોદરા તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. જન સેવા કેન્દ્ર,કલેકટર કચેરી,વડોદરા તરફ જરુરી કાર્યવાહી કરવા સારુ.
(BAR CODE NO. VDR. 106595)
૭. રેકર્ડ શાખા
૮. સિલેકટ ફાઈલ

TRUE COPY

SHILPA. B. ZAVERI
NOTARY

SUN DEVELOPERS
PARTNER

મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં.૨૧૦ (સ.નં.૨૨૫,૨૨૬) ની ૬૮૪૦ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક

બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ	વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈસા.પ્રતિ ચો.મી.)	રૂપાંતરકર લેવાની વિગત (૨/- પ્રતિ ચો.મી.)	લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના)	શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના)	કોલમ-૪ની વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે સેવાસી તા.વડોદરા બ્લોક નંબર: ૨૧૦; સર્વે નંબર: ૨૨૫, ૨૨૬; ક્ષેત્રફળ (ચો.મી.): ૬૮૪૦ કબજેદારશ્રી :- (૧) શ્રી પટેલ ઉમેદભાઈ ખોડાભાઈ (૨) શ્રી પટેલ ભગવાનભાઈ ખોડાભાઈ (૩) શ્રી પટેલ મંજુલાબેન ખોડાભાઈ (૪) શ્રી પટેલ મગનભાઈ ખોડાભાઈ (૫) શ્રી પટેલ મહેન્દ્રભાઈ ખોડભાઈ (૬) શ્રી પટેલ કૈલાશબેન રતીલાલ (૭) શ્રી પટેલ ધીરેન રતીલાલ (૮) શ્રી પટેલ શારદાબેન ખોડાભાઈ	ચો.મી. ૬૮૪૦ (રહેણાંક)	રહેણાંક ના હેતુના દરે દર ચો.મી. ના ૦.૨૫ પૈસા પ્રમાણે	રૂા. પૈસા ૧,૭૧૦/- (અંકે રૂપિયા એક હજાર સાતસો દસ પુરા)	રૂા. પૈસા ૧૩,૬૮૦/- (અંકે રૂપિયા તેર હજાર છસો એસી પુરા)	રૂા. પૈસા ૮૫૫/- (અંકે રૂપિયા આઠસો પંચાવન પુરા)	રૂા. પૈસા ૪૨૮/- (અંકે રૂપિયા ચારીદ અઠયાવીસ પુરા)	હુકમની તારીખના વર્ષથી

નોંધ :- રૂપાંતરકરની રકમ રૂા.૧૩,૬૮૦/- (અંકે રૂપિયા તેર હજાર છસો એસી પુરા) તા.૨૯/૦૧/૨૦૧૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

SUN DEVELOPERS
PARTNER

TRUE COPY

SHILPA. B. ZAVERI
NOTARY

રવાના કર્યુ

મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

NOTARY SHILPA B. ZAVERI AREA VADODARA City & Dist. (Guj. State) Reg. No.: 5789 / 2008 Valid upto 28/4/2018 GOVT. OF INDIA

કલેકટર વડોદરા

સહી/-
(વિનોદ રાવ)
કલેકટર વડોદરા

રી.વી/ એનએ./એસ.આર./ /૨૦૧૮–૧૯
નં.જમીન–ડી/કલમ–૬૫/વશી/૨૪૫ થી ૨૫૩/૧૯
બીનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા.
તારીખ : ૩૧/ ૦૧/ ૨૦૧૯

વંચાણમાં લીધા :–

(૧) અરજદારશ્રી સ્વપન રમેશભાઈ પ્રજાપતિ વિ .રહે.૧૯,જય સંતોષીમાં સોસાયટી,ગોરવા, તા.જી.વડોદરા. ની તા.૨૪/૧૦/૨૦૧૬ ની અરજી તથા તાઃ ૩૧/૦૭/૨૦૧૮ ની છેવટની પુનઃ વિચારણા અરજી.

(૨) મામલતદારશ્રી, વડોદરા ગ્રામ્ય ના પત્રનં. જમીન/વશી/૨૫૯૭/૨૦૧૬ તા : ૨૮/૧૧/૨૦૧૬ થી રજુ થયેલ દરખાસ્ત / અભિપ્રાય.

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાના પત્ર નં. ટેનન્સી/ એન.એ /એસ.આર–૮૫/વશી/૪૦૩/૨૦૧૮ તા : ૧૬/૦૨/૨૦૧૮ થી રજુ થયેલ અભિપ્રાય.

(૪) સહાયક નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના પત્ર નં. યુડીએ / પ્લાન–૩ / અ/૪૮૬/૨૦૧૬ તા.૧૮/૧૧/૨૦૧૬ તથા પત્ર નં.યુડીએ/પ્લાન–૩/અ/૧૦૨/૨૦૧૭ તા.૧૦/૩/૨૦૧૭

(૫) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) મદદનીશ કલેકટરશ્રી વડોદરા ગ્રામ્ય ના પત્ર નં. શરતભંગ/ એસ.આર/૧૦૨૫/ ૨૦૧૭ તા : ૦૩/૦૬/૨૦૧૭ (૨) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એકમ–૧, વડોદરાના પત્ર નં. જસં/ વળતર / વશી /૧૩૭૦/૨૦૧૬ તાઃ ૩૧/૧૨/૨૦૧૬ (૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના વડોદરાના પત્ર નં. જસં/ન.યો/વડો/ વશી/એસ આર / ૧૨૩૮/ ૨૦૧૬ તા : ૨૭/૧૦/૨૦૧૬ થી રજુ થયેલ અભિપ્રાયો.

કલેકટર સત્યમેવ જયતે વડોદરા

(૬) નાયબ કલેકટરશ્રી,વડોદરા પત્રનં. જમીન/વશી/૧૦૨૫/૨૦૧૭ તા : ૦૩/૦૬/૨૦૧૭.

(૭) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી (જ.સુ.),વડોદરાના પત્ર નં. યુએલસી/ વશી /૩૦૩/૨૦૧૭ તા : ૧૪/૦૨/૨૦૧૭.

(૮) કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ – ૧૦, વડોદરાના પત્રનં. જા.નં.ન.યો.ન. વિ.નં.૧૦/પીબી –૧/૨૬/૨૬૦૭/૧૭ તા : ૨૯/૦૬/૧૭

(૯) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,વડોદરાના પત્ર નં.તજર/બુક/વડો/૨૩૬૯/વશી/૨૦૧ /૩૪૪૨ તા : ૦૩/૧૨/૨૦૧૮ તથા પત્ર નં તજર/બુક/વડો/૨૩૬૭/વશી/૨૦૧ તા : ૩૦/૧૧/૨૦૧૮.

(૧૦) જીલ્લા વિકાસ અધિકારીશ્રી વડોદરાના અ.સ.પત્ર નં.જિ.પં./મહેસુલ/૩૫/૧૭ તા.૧૯/૦૧/૧૭ ફકત વુડા વિસ્તારના ગામોમાં વિ.ધારા ઉપર રૂા.૩/– લોકલફંડ શેષ લાગુ કરવા બાબત

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૧૨) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક બખપ/૧૦૨૦૧૬/૧૧૬૬/ક/પાર્ટ–૨, તા.૦૨/૦૯/૨૦૧૬

(૧૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા : ૦૮/૦૫/૨૦૧૮.

હુ કમ :-

અરજદારશ્રી સ્વપન રમેશભાઈ પ્રજાપતિ વિ .રહે.૧૯,જય સંતોષીમાં સોસાયટી,ગોરવા,તા.જી.વડોદરા.નાએ મોજે : સેવાસી તા.જી. વડોદરા ના સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ બ્લોક નં. ૧૮૯, ટી.પી.નં.૩ ના ફા.પ્લોટ નં.૫૧ ક્ષે.૬૦૪૧ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા વંચાણ-૧ માં દર્શાવેલ અરજીથી માંગણી કરેલ છે.

મામલતદારશ્રી, વડોદરા ગ્રામ્ય એ વંચાણ-૨ ના પત્રથી અહેવાલ ચેક્લીસ્ટ રજુ કરેલ છે. તેમજ સવાલવાળી જમીનમાં મોજે : સેવાસી તા.જી. વડોદરા ના સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ બ્લોક નં. ૧૮૯, ટી.પી.નં.૩ ના ફા.પ્લોટ નં.૫૧ ક્ષે.૬૦૪૧ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બિનખેતીની પરવાનગી બાબતે સવાલવાળી જમીનની રૂપાંતર કરની રકમ રૂ. ૧૨૦૮૨/- વસુલ લઈ અરજદારને રહેણાંકના હેતુ માટે સવાલવાળી જમીનની જમીન મહેસુલ અધિનિયમની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી આપવા અભિપ્રાય છે. તેમ જણાવેલ છે.

નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાએ વંચાણ-૩ થી જણાવ્યા મુજબ " સવાલવાળી જમીન અંગે મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાનો હકારાત્મક અભિપ્રાય ધ્યાને લેતા અરજદારશ્રીની માંગણી મુજબની બીનખેતી પરવાનગી આપવાના કામે ગણોત કાયદા અન્વયે હરકત સરખું નથી." તેમ અભિપ્રાય આપેલ છે.

વડોદરા શહેરી વિકાસ સતા મંડળ, વડોદરાએ વંચાણ-૪ થી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં. ૧૮૯ વાળી જમીન સરકારશ્રી ધ્વારા મંજુર અને હાલ અમલી દ્વિ.પુ.વિ. યોજના મુજબ પ્રતિબંધિત રહેણાંક ઝોનમાં આવે છે. સુચિત ૩૦.૦ મી. રસ્તો તથા સુચિત ગૌખાના ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ પસાર થાય છે. આથી જીડીસીઆરના ઝોનીંગ રેગ્યુલેશન મુજબ સવાલવાળી જમીનમાં રહેણાંક હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવે તો ઝોનની દ્રષ્ટિએ વાંધા સરખું નથી. વધુમાં સવાલવાળી જમીનમાં કાયદાની કલમ - ૪૮(૧) હેઠળ તા : ૦૫/૧૧/૨૦૧૫ ના રોજ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ વુડાની મુસદારૂપ ન.ર.યો. સેવાસી નં. ૩ (ત્રણ) ની સુચિત દરખાસ્તો ધ્યાને લેવાની રહેશે. તેમ જણાવેલ છે.

સંપાદન અધિકારીશ્રીઓના વંચાણ-૫ ના પત્રોથી સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી, તેમ જણાવેલ છે.

નાયબ કલેકટરશ્રી,વડોદરાના વંચાણ-૬ ના પત્રથી જણાવ્યા મુજબ ફેરફાર નોંધ નં. ૪૫૭ તા : ૧૦/૦૯/૫૫ પરચુરણ દુમાલા નાબુદી કાયદો અમલમાં આવવાથી બારખલી જમીન ખાલસામાં દાખલ કરવાની નોંધ છે. જેની વિગતે ચકાસણી કરતાં સ.નં. ૨૨૩,૨૨૧ વાળી જમીનનો પ્રકાર " જાત ધર્માદા " દર્શાવેલ છે. સ નં. ૨૨૪ નો સદર નોંધમાં સમાવેશ થયેલ હોવાનું જણાતું નથી. જેથી સવાલવાળી જમીનને નવી શરતના નિયંત્રણો લાગુ પાડી શકાય નહી. વધુમાં સવાલવાળી જમીન અંગે આરટીએસ/ સીટીએસ/ શરતભંગ કે ટુકડાભંગ કોઈ કેસ ચાલુમાં હોવાનું રજીસ્ટ્રર પરથી જણાતું નથી. તેમજ સવાલવાળી જમીન બાબતે સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી. તેમ જણાવેલ છે.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા,વડોદરાના વંચાણ-૭ ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ વાળી જમીનને કલમ - ૨૦ હેઠળ ખેતીમુક્તિ

આપવામાં આવેલ છે. જે ખેતીમુક્તિ રીપીલ એકટ તા : ૩૦/૩/૯૯ ના રોજ મુળ કાયદો રદ થતાં સુધી ચાલુ રહેલ. જેથી સવાલવાળી જમીન ફાજલ થયેલ નથી. સવાલવાળી જમીનનો કબજો સરકાર પક્ષે સંભાળેલ નથી કે કબજાયાદીમાં તેનો સમાવેશ કરવામાં આવેલ નથી. જેથી રીપીલ એકટની જોગવાઈને ધ્યાને લેતાં સવાલવાળી મોજે સેવાસી તા.વડોદરાના બ્લોક નં. ૧૮૯ (સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧) ટી.પી.નં.૩ (વુડાની મુસદારૂપ ટી.પી.) ફા.પ્લોટ નં. ૫૧ ની ૬૦૪૧ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો અત્રેની કચેરીને હરકત સરખું નથી. તેમ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ – ૧૦, વડોદરાના વંચાણ– ૮ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન મોજે સેવાસી તા.જી. વડોદરાની ઉપરોકત સવાલવાળી જમીનમાંથી અત્રેની કચેરી હેઠળના બ્લોક નં. ૯ એ ૩ ની ગૌખાના ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ પસાર થાય છે. અને તે માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે. આથી પત્રમાં જણાવેલ ૧ થી ૧૧ શરતોને આધીન રહી બીનખેતીની પરવાનગી આપવામાં આવે તો અત્રેની કચેરીને વાંધા સરખું નથી. તેમ જણાવેલ છે.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાના વંચાણ–૧૦ અન્વયે વડોદરા જીલ્લા પંચાયતમાં સમાવિષ્ટ વુડા સહિતના તમામ ગામોમાં ખેતી / બિનખેતીની તમામ જમીનો ઉપર વિશેષધારાના રૂ.૩–૦૦ પૈ. પ્રમાણે લોકલફંડ શેષની રકમ વસુલ કરવાની રહે છે. જેથી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) માં સમાવિષ્ટ થયેલા ગામોની જમીન બિનખેતી કરવાના પ્રસંગે બિનખેતી વિ.ધારાની રકમના ૩ (ત્રણ) ગણી રકમ લોકલફંડ શેષ તરીકે લેવાની રહે છે.

ઉપરોકત હકીકતે રજુ થયેલ અહેવાલ–અભિપ્રાય નજરે વંચાણમાં દર્શાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત રજુ થયેલ અભિપ્રાયો ધ્યાને લઈ, અરજદારશ્રીની માંગણી મુજબ સવાલવાળી જમીનને બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારશ્રી ને સદરહું જમીનના રૂપાંતરકરની રકમ, બીનખેતીની માપણી ફી તથા અન્ય ઉપકરો સરકારશ્રીમાં જમા કરાવવા જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતરકરની રકમ રૂ.૧૨,૦૮૨/– (અંકે રૂપિયા બાર હજાર બ્યાંસી પુરા) તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ તથા બીનખેતી માપણી ફી રૂ.૧૮૦૦૦/– (અંકે રૂપિયા અઢાર હજાર પુરા) તા.૧૫/૧૧/૨૦૧૮ તેમજ વિશેષધારો + લોકલ ફંડ રૂ.૧૮,૧૨૦/– (અંકે રૂપિયા અઢાર હજાર એકસો વીસ પુરા) તા.૧૪/૧૧/૨૦૧૮ ના રોજ તથા શિક્ષણ ઉપકર રૂ.૨૨૬૫/– (અંકે રૂપિયા બે હજાર બસો પાસઠ પુરા) તા.૧૪/૧૧/૨૦૧૮ તથા તાલુકા પંચાયત (શિ.ઉ) રૂ.૪૫૩૦/– (અંકે ચાર હજાર પાંચસો ત્રીસ પુરા) તા : ૧૪/૧૧/૨૦૧૮ ના રોજ તલાટીશ્રી,સેવાસી દ્વારા સરકારશ્રીમાં વસુલ લેવાયેલ છે, તેની અસલ ચલન / પહોંચો રજુ કરેલ છે.જે વંચાણ – ૯ થી ખરાઈ કરવામાં આવેલ છે.

સબબ ઉપરોકત હકીકતે મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ અન્વયે સવાલવાળી મોજે : સેવાસી તા.જી. વડોદરા ના સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ બ્લોક નં. ૧૮૯, ટી.પી.નં.૩ ના ફા.પ્લોટ નં.૫૧ ક્ષે.૬૦૪૧ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા, નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે, પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય ધ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને વસુલ ભરેલો વિ.ધારો વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેંઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે બાંધકામ દુર કરાવવામાં આવશે અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે. કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉક્ત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૭ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૪) જમીન ધારકશ્રીએ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી મંજુર થયેલ સુચિત નકશા અને રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે.તેમજ રજાચિઠ્ઠી / વિકાસ પરવાનગીમાં જણાવેલ શરતોનું પાલન

કરવાનું રહેશે તેમજ મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) બાંધકામ પરવાનગી સબંધી લે–આઉટ પ્લાન મંજુર કરાવતી વખતે વુડાએ કરેલા જી.ડી.સી.આરના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૬) વુડાના જી.ડી.સી.આરના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૭) આ જમીનનો વિશેષધારો, લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર પ્રવર્તમાન દરે હુકમની તારીખના મહેસુલી વર્ષથી આ સાથે સામેલ પત્રક મુજબનો ભરવાનો રહેશે.

(૨૮) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કોમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨૯) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

(૩૦) સવાલવાળી જમીન સંબધે ભવિષ્યમાં તૈયાર થનાર વિકાસ યોજના અને નગર રચના યોજના સંબધે સરકારશ્રી/સતામંડળ/નગર રચના અધિકારીશ્રી ધ્વારા જે કોઈ દરખાસ્ત આખરી કરવામાં આવે તો તે અરજદારશ્રી/જમીન માલિક/ મિલકતધારકોને બંધનકર્તા રહેશે

(૩૧) મહેસુલ વિભાગના પરીપત્ર ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા : ૦૮/૦૫/૨૦૧૮ સુચના મુજબ શહેરી વિકાસ વિભાગના લાગુ પડતા સક્ષમ સતાધિકારીશ્રીઓ જમીનના ઉપયોગ પ્રમાણે પ્લાન રજુ થતાં જે તે વિસ્તારના અમલી નિયમો પ્રમાણે નિર્ણય કરશે અને ભવિષ્યમાં જ્યારે મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ કોઈપણ બાંધકામ થાય અથવા તો કોઈપણ રીતે મંજુરીનું ઉલ્લંઘન થાય તો નિયમોનુસારની કાર્યવાહી સક્ષમ સતાધિકારી કરશે.

(૩૨) આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુનની અથવા ગણતરીની ભુલો હશે તો તેમાં સુધારો થઈ શકશે / સુધારાપાત્ર રહેશે તથા આ સુધારો અરજદારને બંધનકર્તા રહેશે.

વધુમાં અરજદારે નીચે મુજબની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૩૩) ગૌખાના ડીસ્ટ્રીબ્યુટરી નહેર માટે સંપાદિત કરેલ જમીનની હદથી બહાર બન્ને બાજુએ ૧૦(દસ) મીટર પહોળાઈમાં કોઈપણ પ્રકારનું સ્થાયી બાંધકામ હાથ ધરી શકાશે નહી.

(૩૪) ગૌખાના ડીસ્ટ્રીબ્યુટરી નહેર ઉપર કોઈપણ પ્રકારનું બાંધકામ થઈ શકશે નહી તથા નહેરના મરામત અને નિભાવણીના કામ માટે સ.સ.ન.નિ.લી. ના અધિકૃત ઈજારદાર તેમજ અધિકારી / કર્મચારી ધ્વારા સદર સરવે નંબરના વિસ્તારમાં અવર–જવર કરી શકાશે.

(૩૫) નહેર / કાંસના પાળનો ઉપયોગ કોઈપણ પ્રકારની અવર જવર માટે કરી શકાશે નહી.

(૩૬) નહેર / કાંસના પાણીનો ઉપયોગ સ.સ.ન.નિ.લી.ની પરવાનગી વગર કરી શકાશે નહી.

(૩૭) કચરો તથા ગંદુ પાણી નહેર / કાંસની હદ રેખામાં અથવા નહેરના પાણીમાં નાખવા દેવામાં આવશે નહી.

(૩૮) ગટર કે ખાળકુવા ઉપર જણાવેલ હદથી દુર રાખવાના રહેશે.

(૩૯) કુદરતી અથવા કૃત્રિમ વહેણના પાણીને અવરોધતું બાંધકામ કરી શકાશે નહી.

(૪૦) ભવિષ્યમાં નહેરને ઓળંગવા માટે ખાતેદાર તરફથી નાળા / ગરનાળાની માંગણી કરવામાં આવશે તો ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૪૧) નહેર / કાંસના બાંધકામને સીધી કે આડકતરી રીતે નુકશાન થાય તેવું બાંધકામ કે અન્ય કોઈપણ પ્રકારની પ્રવૃતિ કરી શકાશે નહી.

(૪૨) નહેર / કાંસના પાણીથી થનાર નુકશાન સામે રક્ષણ કે વળતર આપવામાં આવશે નહી.

(૪૩) ઉપરોક્ત શરતો ઉપરાંત ભવિષ્યમાં નિગમને યોગ્ય લાગે તેવી શરતો રાખવામાં આવે તો ખાતેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ

મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેક્ટર વડોદરા

સહી/-
(શાલિની અગ્રવાલ)
કલેકટર વડોદરા

પ્રતિ,
શ્રી સ્વપન રમેશભાઈ પ્રજાપતિ
શ્રી અમિતાબેન નરસિંહભાઈ તે રમેશભાઈ સી.પ્રજાપતિના પત્ની
રહે. ૧૯,જય સંતોષીમાં સોસાયટી,
ગોરવા, તા.જી.વડોદરા.

<u>નકલ રવાના</u> :-

૧. મામલતદારશ્રી, વડોદરા ગ્રામ્ય તરફ હુકમની શરતોનો નોંધમાં ઉલ્લેખ કરી નોંધ પાડવા તથા નોંધ, ૭/૧૨ ની નકલ સહ જાણ કરવા સારૂ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ જાણ સારૂ.
૩. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...
૪. તલાટી કમ મંત્રીશ્રી, સેવાસી તા.વડોદરા ગ્રામ્ય તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ
૫. જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, વડોદરા તરફ જરુરી કાર્યવાહી કરવા સારુ.
૬. રેકર્ડ શાખા
૭. સર્કલ ઓફિસરશ્રી, બીનખેતી શાખા ,વડોદરા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૮. સિલેકટ ફાઈલ.
૯. અધિક ચીટનીશ શાખાનો તરફ જાણ સારૂ.
૧૦. અત્રેની કચેરીના કલમ-૬૬/૬૭ દફતરે જાણ વ જરુરી કાર્યવાહી સારુ...

મોજે : સેવાસી તા.જી. વડોદરા ના સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ બ્લોક નં. ૧૮૯, ટી.પી.નં.૩ ના ફા.પ્લોટ નં.૫૧ ક્ષે.૬૦૪૧ ચો.મી. જમીનની રહેણાંક ના હેતુ માટે બીનખેતીની પરવાનગી અનુસાર વસુલ કરવાના રૂપાંતરકર, વિશેષધારો, લોકલ ફંડ, શિક્ષણઉપકરની વિગત દર્શાવતું પત્રક

બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ તથા હેતુ	ઠરાવેલ વિશેષધારાની વિગત		રૂપાંતરકર લેવાની વિગત (૨/– પ્રતિ ચો.મી.)	લોકલ ફંડ શેષની લેવાની વિગત		શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના)	કોલમ–૪ નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત
		પ્રતિ ચો.મી.ના રૂ.પૈ. પ્રમાણે	રકમ		વુડા વિસ્તારમાં વિ.ધારાના ૩/– ગણા પ્રમાણે રૂ.	મ્યુ.કોર્પો. વિસ્તારમાં વિ.ધારાના રૂ.૦–૫૦ પૈ.પ્રમાણે		
૧	૨	૩–અ	૩–બ	૪	૫–અ	૫–બ	૬	૭
મોજે : સેવાસી તા.વડોદરા સર્વે નંબર: સ.નં. ૨૨૪,૨૨૩,૨૨૧ બ્લોક નં. ૧૮૯ ટી.પી. સ્કીમ નંબર: ૩ ફા. પ્લોટ નંબર: ૫૧ ક્ષેત્ર. ચો.મી.: ૬૦૪૧ ચો.મી. કબજેદારશ્રી :– શ્રી સ્વપન રમેશભાઈ પ્રજાપતિ શ્રી અમિતાબેન નરસિંહભાઈ તે રમેશભાઈ સી.પ્રજાપતિના પત્ની	૬૦૪૧ ચો.મી. (રહેણાંક)	રૂ. ૦.૨૫ પૈસા.	૧૫૧૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો દશ પુરા)	૧૨,૦૮૨/– (અંકે રૂપિયા બાર હજાર બ્યાંશી પુરા)	૪૫૩૦/– (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો ત્રીસં પુરા)	૦૦	૩૭૭/– (અંકે રૂપિયા ત્રણસો સિત્યોતેર પુરા)	હુકમની તારીખના મહેસુલી વર્ષથી

નોધઃ– રૂપાંતરકરની રકમ રૂા. ૧૨,૦૮૨/– (અંકે રૂપિયા બાર હજાર બ્યાંશી પુરા) તા.૧૫/૧૧ /૨૦૧૮ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યુ

મામલતદાર (બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર વડોદરા

સહી/–
(શાલિની અગ્રવાલ)
કલેકટર વડોદરા